# ‘અ સિક્સ્થ ઑફ હ્યુમિનિટી’ : દેશની આર્થિક વિકાસની ગાથા

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

દેશના પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણિયમ અને પોલિટિકલ સાયન્ટિસ્ટ દેવેશ કપૂરનું હાલમાં ‘અ સિક્સ્થ ઑફ હ્યુમિનિટી’ નામનું પુસ્તક પ્રકાશિત થયું છે. દેશના આર્થિક વિકાસની ગાથા આ પુસ્તકમાં કહેવાઈ છે. જે રીતે જાણીતા લેખક-સંશોધક રામચંદ્ર ગુહાએ ‘ઈન્ડિયા આફ્ટર ગાંધી’ પુસ્તક દ્વારા દેશની રાજકીય સફર આલેખી છે; તે પ્રમાણે અરવિંદ સુબ્રમણિયમ અને દેવેશ કપૂરે દેશની આર્થિક-સામાજિક ઈતિહાસનું સમગ્ર ચિત્ર આપવાનો પ્રયાસ કર્યો છે. અરવિંદ સુબ્રમણિયમ હાલમાં અમેરિકાની ‘બ્રાઉન યુનિવર્સિટી’માં અર્થશાસ્ત્રના સિનિયર ફેલો છે. તેઓ ‘ઈન્ટરનેશન મોનિટરીંગ ફંડ’ના આર્થિક બાબતના નિષ્ણાત પણ રહી ચૂક્યા છે. એ રીતે દેવેશ કપૂર પણ મજબૂત એકેડેમિક પૃષ્ઠભૂમિ ધરાવે છે. તેઓ અમેરિકાની ‘જોહન્સ હોપકિન્સ યુનિવર્સિટી’માં દક્ષિણ એશિયાઈ બાબતના પ્રોફેસર છે. આ બંને વિદ્વાનો દ્વારા લખાયેલું પુસ્તક ‘અ સિક્સ્થ ઑફ હ્યુમિનિટી’ને ખાસ્સો આવકાર મળી રહ્યો છે અને તેને લઈને વિવિધ મીડિયા ગ્રુપ તેમના ઈન્ટરવ્યૂ પણ લઈ રહ્યા છે. આવો એક ઈન્ટરવ્યૂ ‘ધ વાયર’ નામની ન્યૂઝ વેબસાઈટની યૂટ્યુબ ચેનલ પર લેવાયો છે. તેમાં ઈન્ટર્વ્યૂકાર અરવિંદ સુબ્રમણિયમને શરૂઆતમાં જ પૂછે છે કે આ પુસ્તક લખવાનો વિચાર કેવી રીતે આવ્યો? આ પ્રશ્નના જવાબમાં તેઓ કહે છે કે, “અમને આ પુસ્તક લખવામાં પાંચ વર્ષ લાગ્યા છે, પરંતુ અમે બંને આ વિષય પર પંદરેક વર્ષથી વાત કરી રહ્યા છીએ. અમને ભારતની વિકાસ ગાથામાં ખૂબ રસ છે. અને જ્યારે હું દેશનો મુખ્ય આર્થિક સલાહકાર હતો ત્યારે મારે આ વિશે ઘણું જાણવાનું થયું, મને એમ થયું કે દેશનો 75 વર્ષનો રાજકીય ઈતિહાસ જેમ રામચંદ્ર ગુહાએ લખ્યો તેમ આર્થિક ઈતિહાસ લખાવવો જોઈએ કારણ કે તેમાં ખૂબ ડેટા છે, સંશોધન કરવાનું થાય અને તેમાં ઘણી ઘટનાઓ છે અને એ રીતે લખાવવો જોઈએ કે તે સામાન્ય લોકો સુધી તે પહોંચી શકે. તે માટે અમે ખૂબ બધી માહિતી અંદર મૂકી છે; એટલે અમે ડેટાનો આધાર જ પુસ્તકમાં મૂક્યો છે.”

આપણા જેવાં વૈવિધ્ય ધરાવતાં દેશમાં જ્યારે સંશોધકો વિસ્તારથી આ પ્રકારનું પુસ્તક લખે ત્યારે સંશોધક માટે અનેક નવી બાબતો સામે આવે. અરવિંદ સુબ્રમણિયમ અને દેવેશ કપૂરના કિસ્સામાં પણ એવું થયું. તેમની પાસે જેમ જેમ માહિતી એકઠી થઈ તે રીતે તેમનો મત ઘડાતો ગયો. દેવેશ કપૂર આ સમગ્ર અનુભવ વિશે કહે છે કે, “નવાસવા દેશમાં નેતાઓ પાસે અને નીતિ ઘડનારાઓ પાસે એક માત્ર ઉદ્દેશ ક્યારેય હોતો નથી. જેમ કે આર્થિક બાબતો મેળ પડ્યો હોય તો સાથે-સાથે દેશ-નિર્માણ પણ કરવાનો હોય છે. બંધારણની રીતે દેશને ઘડવાનો હોય, એટલું જ નહીં સમાજને ઘડતરનું કાર્ય પણ તેમાં આવી જાય છે. આ બધા ઉદ્દેશ એક પછી એક સર ન થઈ શકે, તેનો વિકાસ સમાંતરે થવો જોઈએ.” આ વાતમાં અરવિંદ સુબ્રમણિયમ ઉમેરે છે કે, “તમે અર્થશાસ્ત્રને જોશો તો તેમાં ‘સ્ટેટ’ છે અને ‘માર્કેટ’ છે. આ બંને




વિષયોને લઈને ખૂબ ચર્ચા થાય છે. પણ પોલિટિકલ સાયન્ટિસ્ટ કહેશે કે આમાં સમાજ ખૂબ મહત્ત્વનો છે. ભારતીય સમાજમાં જ્ઞાતિ, ધાર્મિક ભેદ છે - એટલે એવું ન કહી શકીએ કે દેશની વિકાસની સફરમાં સમાજિક બાબતને બાકાત રાખીએ. દેશ નિર્માણ કરવા

> **બંધારણની રીતે દેશને ઘડવાનો હોય, એટલું જ નહીં સમાજના ઘડતરનું કાર્ય પણ તેમાં આવી જાય છે. આ બધા ઉદ્દેશ એક પછી એક સર ન થઈ શકે, તેનો વિકાસ સમાંતરે થવો જોઈએ**

અંગે જો તમે યુરોપના માપદંડને ધ્યાને રાખશો તો ખ્યાલ આવશે કે વિશ્વમાં જે કોઈ દેશ બન્યા છે તે તમામ ટક્યા નથી. તમે સોવિયત યુનિયનને જોઈ લો, યુગોસ્લોવિયા, કોંગો અને પાકિસ્તાનને જોઈ લો. તમે પશ્ચિમના દેશો જોશો તો તેમાં લોકશાહીની શરૂઆત પહેલાંવહેલાં નહોતી થઈ. પહેલાં થોડા લોકોને મતાધિકાર મળ્યો, ધીરે ધીરે રાજકીય વિકાસ સધાયો અને આર્થિક વિકાસ સમાંતરે ચાલતો રહ્યો છે.”

આ ઈન્ટરવ્યૂમાં બંને લેખકો અનેક મુદ્દા મૂકે છે. પરંતુ તેમાં કેટલીક મહત્ત્વની વાતો દેશના મહત્તમ લોકોને સ્પર્શે એવી છે. એક આવો મુદ્દો મૂકતા દેવેશ કપૂર કહે છે કે, “આપણા દેશમાં પ્રાથમિક સગવડો તરફ ધ્યાન ન દેવાયું. જેમ કે પ્રાથમિક શિક્ષણ અને જાહેર આરોગ્ય. હાલમાં પણ આપણે માર્ગ અને હાઈવે પર ખૂબ ધ્યાન આપીએ છીએ પરંતુ ફૂટપાથ પર ધ્યાન નથી આપતાં. છેલ્લાં દસ વર્ષથી પાણી અને સેનિટેશન લોકોને મળ્યું છે, તે પહેલાં ઉપલબ્ધ નહોતું.” બંને લેખકો જે બયાન કરે છે તે સ્થિતિમાં આજે પણ સામાન્ય માણસો જીવન જીવી રહ્યા છે. પ્રાથમિક શિક્ષણ અને જાહેર આરોગ્ય તેનાં ખિસ્સા ખાલી કરે નાંખે છે. ઘણી વાર તો તે ખર્ચા તેની પહોંચની બહાર હોય છે. આવી વાતો પુસ્તકમાં ક્રમબદ્ધ રીતે દાખલા-દલીલ સાથે મૂકવામાં આવી છે. આગળ તેઓને દેશમાં આર્થિક વિકાસમાં જે ઉદારીકરણનું બિંદુ છે તેનાં પહેલાં-પછીની સ્થિતિ વિશે પૂછવામાં આવે છે ત્યારે તેઓ કહે છે કે, પહેલાં તબક્કામાં એટલે કે 1990 પહેલાં માળખાગત સુવિધા, બંધારણીય સંસ્થાઓ અને લોકશાહી પર ધ્યાન અપાયું અને તેમાં આર્થિક બાબતોને નજરઅંદાજ કરવામાં આવી. તે પછીના બીજા તબક્કામાં આર્થિક સુધારા થયા ત્યારે દેશનું ઉત્પાદન વધ્યું. ઉત્પાદનના કારણે ભારતમાં બધું જ બદલાયું. લોકોને સરળતાથી ચીજવસ્તુઓ મળવા લાગી. આર્થિક સુધાર પછી શિક્ષણનું પણ સ્તર સુધર્યું. જ્ઞાતિભેદ પર પણ માર્કેટની અસર પડી. આવાં ઘણાં સુધારા પછીના સમયમાં થયા. પરંતુ છેલ્લાં દસ-પંદર વર્ષને જોઈએ તો અગાઉ જે આપણને સફળતા મળી હતી - રાષ્ટ્રનિર્માણની, લોકશાહીની, મજબૂત બંધારણીય સંસ્થાઓની - આ બધી બાબતોમાં છેલ્લાં પંદર વર્ષમાં પડતી આવી છે.

આ પડતીને પણ તેમણે પુસ્તકમાં જગ્યા આપી છે અને આ માટે તેમણે આધાર-પુરાવા આપ્યા છે. જેમ કે પુસ્તકમાં એક પ્રકરણ છે તે ‘દેશના કાયદાઓનું શાસન - નિષ્ફળગાથાઓ’ આ પ્રકરણનું લખાણ આ રીતે છે : “વ્યવસ્થાને વ્યાપક રીતે સુરક્ષિત રાખવા છતાં ભારતમાં કાયદાના શાસન પ્રત્યે પ્રતિબદ્ધતાની અસંખ્ય નિષ્ફળ ગાથાઓ છે. પોલીસથી લઈને વકીલ સુધી, ફૉરેન્સિક લેબથી માંડીને ન્યાયાધીશો અને અદાલતો, જેલપ્રણાલી સુધી. આ નિષ્ફળતા ભારતના રાજકીય વર્ગે ઘડી છે. ભારતમાં ન્યાય મેળવવાનો કોઈ રાજમાર્ગ નથી, બલકે અહીંયા તો ખાડાથી ભરેલા ભૂવા છે. રાજ્યનું મુખ્ય કાર્ય પોતાના નાગરિકોને સુનિશ્ચિત કરવાનું છે. જે રીતે જાહેર સ્વાસ્થ્યનો પ્રાથમિક આધાર સ્વાસ્થ્ય સુરક્ષાનો છે. એ રીતે કાયદો-વ્યવસ્થા એ વ્યવસ્થાનો પ્રથમ સ્તંભ છે. તેની નબળાઈએ નાગરિકોમાં અસુરક્ષાની ભાવના ઊભી કરે છે. બ્રિટિશ કાળ દરમિયાન પોલીસનું મુખ્ય કાર્ય વ્યવસ્થા જાળવી રાખવાનુ હતું. પરંતુ આઝાદ દેશમાં તેનાથી વધુ કંઈ થઈ શક્યું નહીં. વીસમી સદીના આરંભે એક સરકારી રિપોર્ટ મુજબ દેશની પોલીસને ‘ભ્રષ્ટ અને દમનકારી’ માનવામાં આવતી હતી. અને તેને પ્રજાનો વિશ્વાસ કેળવવામાં નિષ્ફળતા મળી હતી. આઝાદી પછી આ સ્થિતિમાં કોઈ બદલાવ આવ્યો નથી.” આવાં અનેક આધાર પુસ્તકમાં મુકાયા છે. આવો એક આધાર દેશમાં લદાયેલી કટોકટી દરમિયાનનો છે. જે મુજબ કટોકટી દરમિયાન સરકાર દ્વારા થયેલી પ્રતાડના પછી ‘રાષ્ટ્રીય પોલીસ આયોગ’ની સ્થાપના કરવામાં આવી હતી. આયોગના અભ્યાસથી એવું તારણ પ્રકાશમાં આવ્યું કે, 1903માં પ્રકાશિત પોલીસ રિપોર્ટથી સ્થિતિ આજે જરાય બદલાઈ નથી. ઉપરાંત, એ પણ નોંધ્યું કે, ‘એમાં કોઈ બેમત નથી કે આજે આપણા દેશની ન્યાયપ્રણાલી નબળા, ગરીબ અને અસહાય લોકો પર અત્યાચાર કરે છે. શ્રીમંત અને સત્તાધારી વર્ગ માટે તે ખૂબ સગવડ બક્ષે છે. અપરાધથી પીડિત વ્યક્તિ જો ગરીબ છે તો તેને આ પ્રણાલીથી ન્યાય મળવાની શક્યતા ઓછી છે.’

પુસ્તકમાં આપણી ન્યાયપ્રણાલીમાં ક્યાં મર્યાદાઓ આવી છે તે પણ દર્શાવાયું છે. પુસ્તકમાં થયેલાં સંશોધન મુજબ બંને લેખકો એવું તારણ કાઢે છે કે, અદાલતો હવે દોષમુક્ત નથી રહી. અદાલતો સાવ સામાન્ય કહેવાય તેવા મુદ્દાઓમાં ગૂંચવાઈ ગઈ છે. સુપ્રિમ કોર્ટમાં 90થી વધુ કેસ ‘સ્પેશિયલ લિવ પિટીશન’ના છે, જેનાથી અગત્યના કહી શકાય તેવાં બંધારણીય પ્રશ્નોના ચૂકાદો ટાળી દેવામાં આવે છે. અદાલતો જવાબદેહી અને કાર્યકુશળતામાં નબળી સાબિત થઈ છે. ટૂંકમાં કહીએ તો દેશની ન્યાયપ્રણાલી જોઈએ તો બાહ્ય રીતે તે ઈમારત ભવ્ય લાગે છે, પરંતુ તેના પાયા જર્જરીત થઈ ચૂક્યા છે.



# આદિ-કથા ઉર્ફે એ જ જૂના આદિવાસી

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

દેશમાં આદિવાસી ત્યાંના ત્યાં જ છે, જ્યાં એ પહેલાં હતા. દરેક ભાષણમાં એમનો ઉલ્લેખ કરવામાં આવે, દરેક કમિશને એના પર વિચાર કર્યો હોય, દરેક ઘોષણાપત્રમાં એમની પરિસ્થિતિ પર ચિંતા કરવામાં આવી હોય, દરેક યોજના અને દરેક બજેટમાં એમના માટે જોગવાઈ કરવામાં આવે પરંતુ આટલાં વર્ષો પછી પણ જ્યારે ભારતના નેતાઓ એમના દરવાજે પહોંચે છે ત્યારે આદિવાસી એવી જ રીતે રડતો, વિલાપ કરતો જોવા મળે છે. જેમ એ વર્ષો પહેલાં હતો, જ્યારે ભારતના પહેલા પ્રધાનમંત્રી એને મળવા માટે પહેલી વખત એના જિલ્લામાં ગયા હતા.

આજે પણ એ હજી અર્ધ-નગ્ન છે, માથું નમાવીને ઊભેલો છે અને એની સંખ્યા કે શક્તિનો ઉપયોગ તહેવારો કે પ્રસંગો પર મોરપંખ માથામાં લગાડીને મંત્રીઓના સ્વાગતમાં નાચ-ગાન કરવા પૂરતો જ હોય છે. આજે પણ એ નિર્જન થઈ રહેલાં જંગલમાં એનું માથું ફોડે છે અને રાહત કામગીરીના ભાગ રૂપે પથ્થર તોડે છે! શહેર ઝાડ કાપીને જંગલમાં ઘૂસી રહ્યું છે પણ આદિવાસી એટલો જ આદિવાસી છે જેટલો એ પ્રાચીન સમયમાં હતો. આજે પણ એ કેમેરાથી ફોટો ખેંચવાલાયક વસ્તુ છે. એની બનાવેલી જ્વેલરીમાંથી મોડર્ન ડિઝાઈનરોને નવી કલ્પના મળે છે, એની સંગીતની ધૂન સાંભળવા લાયક હોય છે, એનું સંગીત રેકોર્ડ કરવા જેવું યોગ્ય હોય છે, એની કલા-કૃતિઓ સજાવટ માટે ઉત્તમ હોય છે. આટલું બધું હોવા છતાં આજે પણ એમની દીકરીઓને જિલ્લા, તહેસીલ અને રાજ્યના અધિકારીઓ, પોલીસવાળાઓ દ્વારા એ જ પ્રકારના ઉપયોગ માટે લાવવામાં આવે છે.

ક્યાં ઘુસી ગયા એ રૂપિયા જે વર્ષે દર વર્ષે આદિવાસીઓની પ્રગતિ અને વિકાસ માટે બજેટમાં રાખવામાં આવતા હતા? ત્યાં રસ્તાઓ બન્યા, એના પર સરકારી જીપોનું આવન-જાવન થતું, પણ આદિવાસીઓનું નહીં. ત્યાં સરકારી આરામગૃહ બન્યા જે અધિકારીઓ માટે આરામ અને મોજમસ્તી માટેનું સ્થળ બની ગયા. આદિવાસીઓની સ્કૂલ, હોસ્ટેલ, હોસ્પિટલ બધું એ જ હાલતમાં છે. શું આદિવાસી છોકરાઓ તો ક્યારેય મેરિટ લિસ્ટમાં આવતા જ નહીં હોય? સંસ્કૃતિનું ગૌરવ ધરાવતાં આ રાજ્યોમાં રૂપિયા ખર્ચાયા તો ક્યાં? જંગલ કાપવામાં કે ઓફિસ બનાવવામાં? ત્યાં તો એક વરસ વરસાદ ન થાય તો આખો જિલ્લો આફ્રિકાના ઈથોપિયા જેવો બની જાય છે.

આદિવાસીઓનું મન દૂર દૂરથી આવેલી વિદેશી મશીનો જીતી લે છે. રાજ્યના બજેટ કરતાં વિદેશથી આવેલું ધાર્મિક દાન ત્યાં વધારે સારો કમાલ કરી દેખાડે છે. આપણી સરકાર જેમને ભારતીય જીવનના મુખ્ય પ્રવાહ સાથે જોડી

> **આજે પણ એ હજી અર્ધ-નગ્ન છે, માથું નમાવીને ઊભેલો છે અને એની સંખ્યા કે શક્તિનો ઉપયોગ તહેવારો કે પ્રસંગો પર મોરપંખ માથામાં લગાડીને મંત્રીઓના સ્વાગતમાં નાચ-ગાન કરવા પૂરતો જ હોય છે**

નથી શકતી એમને એ અજાણ્યા વિદેશી પોતાના ધર્મમાં પરિવર્તિત કરવામાં સફળ થઈ જાય છે.

વર્ષોવરસ આદિવાસીઓ માટે ફાળવવામાં આવતા લાખો રૂપિયા જાય છે ક્યાં? સરકારી ખજાનાથી લઈને આદિવાસીની ઝૂંપડી વચ્ચે કેટલાં ખિસ્સાંઓ, કેટલાં પાકીટો, કેટલીય ભ્રષ્ટ કડીઓ છે? આ એક અજીબ તિલસ્મી તકલીફની વાત છે.

આજે વર્ષો પછી જ્યારે દેશના મંત્રીઓ આદિવાસીની ઝૂંપડીની બહાર ઊભા રહીને હાલચાલ પૂછે છે ત્યારે પણ પરિસ્થિતિ ત્યાંની ત્યાં જ છે, જ્યાં પહેલાં હતી. બન્ને વચ્ચે, એક સતત જવાબ વગરનું પ્રશ્નાર્થ ચિહ્ન છે. મંત્રીજીનો હસતો ચહેરો અને આદિવાસીઓના પરેશાન ચહેરાઓની વચ્ચે જે ખાલીપણું છે, એને જોવું એટલે દેશની વાસ્તવિકતા જોવા જેવી વાત છે!

કોણ જાણે બેઉ વચ્ચે કેટકેટલું ખાલીપણું છે? ને ક્યાં સુધી રહેશે?

# ભારતની મહિલા ક્રિકેટના પાતાળથી આકાશ સુધીના ઉદયની ગાથા

ખેલખેલમેં

ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં બીજી નવેમ્બર 2025નો દિવસ એક લાલ અક્ષરે લખાયેલો દિવસ બની ગયો છે. એક એવો દિવસ જ્યારે હરમનપ્રીત કૌરની સેનાએ મહિલા વર્લ્ડકપ જીતીને ભારતને સ્થિર કરી દીધું. વર્ષોની મહેનત, હૃદયભંગ અને આંસુઓના યુગો અંતે વિજયમાં પરિણમ્યા. ભારત આખરે સીનિયર લેવલે મહિલા ક્રિકેટમાં વિશ્વ ચેમ્પિયન બન્યું, તેના ઘરના ચાહકો સામે પ્રથમ ICC ટ્રોફી જીતી. યોગ્ય રીતે, આ વિશ્વ ચેમ્પિયનની ઉજવણી કરવામાં આવશે અને આગામી દિવસોમાં તેમના પર ઈનામોનો વરસાદ કરવામાં આવશે. BCCI એ પહેલાથી જ આખી ટીમ માટે ૫૧ કરોડ રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત કરી છે.

જ્યારે રાષ્ટ્ર આ ઐતિહાસિક સિદ્ધિના ગૌરવમાં આનંદ માણી રહ્યું છે, ત્યારે આ તે સમયને ફરીથી યાદ કરવાનો યોગ્ય સમય છે જ્યારે ભારતમાં મહિલા ક્રિકેટને પ્રોફેશનલ ગેમ માનવામાં આવતી ન હતી અને તેમાં રમનારાઓ માટે તેમાં કોઈ પૈસા નહોતા કારણ કે તેમને પ્રોફેશનલ ગણવામાં આવતા ન હતા.

આજના પ્રાયોજકો જ્યારે મહિલા ખેલાડીઓને તક આપે છે તેનાથી વિપરીત, 1973માં, મહિલા ક્રિકેટરો ફક્ત તેના જુસ્સા માટે અને વધુ અગત્યનું, ભારતની જર્સી પહેરવાની તક માટે રમતા હતા. ભારતમાં મહિલા ક્રિકેટના મશાલવાહકોમાંના એક, નૂતન ગાવસ્કર, મુશ્કેલીઓના દિવસોને યાદ કરે છે જ્યારે ક્રિકેટરો વિદેશી પ્રવાસો પર શયનગૃહોમાં અથવા NRIના ઘરે રહેતી હતી.

સુપ્રસિદ્ધ સુનીલ ગાવસ્કરની નાની બહેન નૂતન કહે છે કે ભારતીય મહિલા ક્રિકેટ સંઘ (WCAI) ની રચના 1973માં થઈ હતી અને 2006 સુધી તે રાષ્ટ્રીય ટીમની પસંદગી કરતી હતી, તે પછી BCCIએ આખરે મહિલા રમતને પોતાની પાંખો






હેઠળ લીધી. પરંતુ જ્યારે હું પાછળ ફરીને જોઉં છું, ત્યારે તે દિવસો હતા જ્યારે પૈસા નહોતા પરંતુ તે બધી મહિલાઓ રમતના જુસ્સા અને પ્રેમ માટે લડતી રહી. તે કહે છે કે જ્યારે અમારી પાસે WCAI હતું, ત્યારે અમે ઈન્ટરનેશનલ મહિલા ક્રિકેટ પરિષદ (IWCC) હેઠળ હતા અને અમને તરત જ કહેવામાં આવ્યું હતું કે મહિલા ક્રિકેટ વ્યાવસાયિક રમત નથી. અમને વ્યાવસાયિક ગણવામાં આવતા ન હોવાથી પૈસા નહોતા. સ્વાભાવિક રીતે, ટ્રિપ્સ (ફ્લાઈટ ટિકિટ, રોકાણ, ખોરાક વગેરે) માટે પૈસાની વ્યવસ્થા કરવી એક પડકાર હતો. અને ક્યારેક, ટીમને વ્યક્તિઓ અથવા મોટા કોર્પોરેશનોની સદ્ભાવના પર આધાર રાખવો પડતો હતો.

નૂતન યાદ કરે છે કે ન્યુઝીલેન્ડનો એક પ્રવાસ એવો પ્રવાસ હતો જ્યાં અમારી પાસે છોકરીઓ માટે હોટલમાં રહેવાની વ્યવસ્થા કરવા માટે પૈસા નહોતા. કોઈ માનશે નહીં કે અમારી ટીમ NRI પરિવારોના અનેક ઘરે રોકાઈ હતી, જેઓ યજમાન

> **જ્યારે ભારત આ ઐતિહાસિક સિદ્ધિનો આનંદ માણી રહ્યું છે, ત્યારે આ તે સમયને ફરીથી યાદ કરવાનો યોગ્ય સમય છે જ્યારે મહિલા ક્રિકેટને પ્રોફેશનલ ગેમ માનવામાં આવતી ન હતી અને તેના કારણે ભારતીય મહિલા ક્રિકેટર્સે એક સમયે એવા દિવસો જોવા પડ્યા હતા કે જાણે તેઓ ભીખ માગવા આવ્યા હોય તેવો તેમની સાથે વ્યવહાર કરાતો હતો**

તરીકે ખૂબ દયાળુ હતા. બીજા એક પ્રસંગે, અમારી પાસે મંદિરા બેદી હતી, જેમણે એક પ્રખ્યાત ડાયમંડ બ્રાન્ડ માટે એક જાહેરાત શૂટ કરી હતી. પોતાને મળેલા બધા એન્ડોર્સમેન્ટ પૈસા તેણે WCAI ને આપી દીધા અને અમે ભારતના ઈંગ્લેન્ડ પ્રવાસ માટે એર ટિકિટની વ્યવસ્થા કરી હતી.

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન, કોમેન્ટેટર અને એડમિનિસ્ટ્રેટર શાંતા રંગાસ્વામી યાદ કરે છે કે કેવી રીતે તેમને પોતાની પથારી સાથે વહન કરવી પડતી હતી. રિઝર્વ (કોચ) માં મુસાફરી કરવાથી લઈને ફ્લોર પર ડોર્મિટરીમાં સૂવા સુધી, અમારે અમારી પોતાની પથારી, જેવી વસ્તુઓ સાથે રાખવી પડતી હતી. અમારી પાછળ બેકપેકની જેમ ક્રિકેટ કીટ અને એક હાથમાં સુટકેસ રહેતી હતી. રંગાસ્વામી યાદ કરતા કહે છે કે પરંતુ, અમે ખૂબ ખુશ છીએ કે હાલના ખેલાડીઓને બધી સુવિધાઓ મળી રહી છે. તેઓ તેને લાયક છે. હાલના પરિણામો છોકરીઓએ કરેલા તમામ પ્રયત્નો, BCCI, રાજ્ય સંગઠનોએ મહિલા ક્રિકેટની સફળતામાં ફાળો આપ્યો છે તે દર્શાવે છે.

નૂતન યાદ કરે છે કે કેટલીક આંતર-રાજ્ય મેચો દરમિયાન, કેટલીક ટીમો પાસે ફક્ત ત્રણ બેટ હતા અને આજે જ્યારે એક ખેલાડી પ્રેક્ટિસ અને મેચો માટે બહુવિધ બેટ વહન કરે છે તે તેનાથી તદ્દન વિપરીત છે. નુતન કહે છે કે મેં રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં આ જોયું છે.

વ્યક્તિગત કિટ્સ મોંઘા હતા અને તે એક લક્ઝરી બાબત હશે. એક ટીમ પાસે ત્રણ બેટ રહેતા હતા. બે ઓપનરો પાસે બે વિલો અને નંબર 3 પાસે વધારાનું બેટ રહેતું હતું. એકવાર ઓપનર આઉટ થઈ જાય, પછી નંબરને એ બેટ અને લેગ ગાર્ડ મળતા હતા. જનરલ ડબ્બામાં ૩૬-૪૮ કલાક લાંબી ટ્રેન મુસાફરી માટે, મહિલાઓએ પોતાના ખિસ્સામાંથી ભાડું ચૂકવવું પડતું હતું. નુતન કહે છે કે એટેચ્ડ શૌચાલય એક લક્ઝરી બાબત હતી. ઘણીવાર ટીમો 20 લોકો માટે ચાર શૌચાલયવાળા શયનગૃહોમાં રહેતી હતી અને ઘણીવાર તે સાફ રહેતા નહોતા. સ્થાનિક સંગઠન ખૂબ જ ઓછા બજેટમાં ટુર્નામેન્ટનું આયોજન કરતું હોવાથી દાળ પ્લાસ્ટિકના મોટા વાસણમાંથી પીરસવામાં આવતી હતી.

ડાયના એડુલજીસ, શાંતા રંગાસ્વામી અને શુભાંગી કુલકર્ણિસ જેવા ખેલાડીઓ માટે મેચ ફી એક અજાણી કલ્પના હતી. નુતન કહે છે કે અમારા માટે કોઈ મેચ ફી નહોતી કારણ કે એસોસિએશન પાસે પૈસા નહોતા. હું જાણું છું કે 2005માં દક્ષિણ આફ્રિકામાં રમાયેલા મહિલા વર્લ્ડકપમાં રનર્સ-અપ રહેલી ભારતીય ટીમને ઈનામની રકમ મળી હતી, પરંતુ મને યાદ નથી કે અમને પ્રોત્સાહન મળ્યું હતું કે નહીં.

બીસીસીઆઈએ મહિલા રમતને પોતાના હાથમાં લીધા પછી એક દાયકા પહેલા પણ WCAI સક્રિય હતું. 2005-06 પછી, મેં ક્રિકેટ વહીવટમાંથી વિરામ લીધો હતો પરંતુ હું થોડા વર્ષો પછી પાછી આવી હતી. શરૂઆતના વર્ષોમાં, BCCIનું ધ્યાન ફક્ત વરિષ્ઠ મહિલા ક્રિકેટ પર હતું અને પાયાના સ્તરે કોઈ કામ નહોતું. તેથી WCAI એ ચોક્કસ બિંદુ સુધી U-14 અને U-16 સ્તરે ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું. આજે, જ્યારે હું મહિલા ટીમને બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરતી, ફાઈવ સ્ટાર હોટલોમાં રોકાતી અને તેમની મહેનત માટે લાયક દરેક સુવિધા મેળવતી જોઉં છું ત્યારે મને આનાથી વધુ ખુશી બીજી કોઈ વસ્તુથી થતી નથી.